અપીલ અરજી નં.૬૫ તા.૬–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને આરોગ્ય અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૬–૪–૧૧ નીઅરજીથી નં.ઈઝેડ/આરટીઆઈ/૬૬૭ તા.૧૧–૨–૧૧ ના રોજ આપેલ જવાબનાં અનુસંધાનમાં તા.૧૨–૧–૧૧ નાં રોજ કરેલ અરજીમાં પુછેલ પશ્ન દલિત વસાહતમાં ભારતીય બૌધ્ધ મહાસભાના કાર્યાલય પાસે બોર્ડ લાગેલ હોવા છતાં એનું બાયોમેટ્રીકસ સર્વે કયા કારણે કરવામાં આવ્યું નથી? તે અંગે માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૬–૫–૧૧ ની **SMC/FAP/** નં.૬૫/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૬–૪–૧૧ ની અરજીથી નં.ઈઝેડ/આરટીઆઈ/૬૬૭ તા.૧૧–૨–૧૧ ના રોજ આપેલ જવાબનાં અનુસંધાનમાં તા.૧૨–૧–૧૧ નાં રોજ કરેલ અરજીમાં પુછેલ પશ્ન દલિત વસાહતમાં ભારતીય બૌધ્ધ મહાસભાના કાર્યાલય પાસે બોર્ડ લાગેલ હોવા છતાં એનું બાયોમેટ્રીકસ સર્વે કયા કારણે કરવામાં આવ્યું નથી? તે અંગે માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૬ તા.૧૩–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૩–૫–૧૧ ના રોજ પૂરક વિગતોમાં નોધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, બીપીએલ કાર્ડની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯ તા.૧૨–૫–૧૧ ના પત્રની નકલ તથા અરજદારને અગાઉ આઈ ડી નં.૬૬૭ તા.૧૧–૨–૧૧ ના રોજ આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૬–૪–૧૧ ની અરજીથી નં.ઈઝેડ/આરટીઆઈ/૬૬૭ તા.૧૧–૨–૧૧ ના રોજ આપેલ જવાબનાં અનુસંધાનમાં તા.૧૨–૧–૧૧ નાં રોજ કરેલ અરજીમાં પુછેલ પશ્ન દલિત વસાહતમાં ભારતીય બૌધ્ધ મહાસભાના કાર્યાલય પાસે બોર્ડ લાગેલ હોવા છતાં એનું બાયોમેટ્રીકસ સર્વે કયા કારણે કરવામાં આવ્યું નથી?એનો જવાબ અમોને યોગ્ય રીતે આપેલ નથી? હવે દલિત વસાહત બોર્ડ પાસેના ઝુંપડાઓ ઈસ્ટઝોનના તરફથી ખસેડવામાં આવશે ત્યારે આ ભારતીય મહાસભાનું લાગેલ બોર્ડને પણ સુમપાઅધિકારીઓ તોડીને ફેંકી દેવાના છો એની માહિતી આપો. ચાર માસ પહેલા ઝોનલચીફને કરેલ એક અરજીનો જવાબ આપતા એમને ચાર મહીનાનો સમય લાગે આ કયા કાયદાની જોગવાઈ છે એની માહિતી સમય મર્યાદામાં આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૯ તા.૧૨–૫–૧૧ થી માહિતી અધિકાર અધિનિયમ મુજબ ફકત માહિતી જ આપવાની રહે છે પ્રશ્નના જવાબ આપવાના થતા નથી. અરજદારે જાહેર માહિતી અધિકારીએ સદર પત્ર બાબતે ઈ.ઝેડ/ આરટીઆઈ/૬૬૭ તા.૧૧–૨–૧૧ થી બાયોમેટ્રીક સર્વેની કામગીરી દલિત વસાહત ટીપી નં.૮ (ઉમરવાડા) માં કરવામાં આવી ત્યારે બૌધ્ધ મહાસભાનું જે બોર્ડ લગાવવામાં આવેલ છે તેની કોઈ નોંધ કરવામાં આવેલ નથી. તેવો જવાબ પાઠવવામાં આવેલ છે. આમ અરજદારને બાયોમેટ્રીક સર્વે કયા કારણે કરવામાં આવ્યું નથી તેની દફતરી હકીકતલક્ષી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.વધુમાં સદર અરજી બાબતે અરજદાર તરફથી અરજીમાં જે પૂરક પ્રશ્ન ભવિષ્યની વિગત પ્રશ્નથી માંગેલ છે જે અંગે પણ જાહેર માહિતી અધિકારીએ આવા પ્રશ્નના જવાબ આપવાના નથી જે કાયદા સાથે સુંસગત છે. વધુમાં અરજદારે અરજીના જવાબ બાબતે સમય લાગે તે બાબતની કાયદાની જોગવાઈ છે?તેવા પ્રશ્ન બાબતે આરટીઆઈ એકટની માહિતી માંગતી અરજીઓ હોય તો તેના માટે દિન–૩૦ ની જોગવાઈ છે અને જો સમય અવધિમાં માહિતી ન મળે તો આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) મુજબ પ્રથમ અપીલ અંગેની જોગવાઈ છે. તેવી માહિતીના પત્ર નીચે જણાવવામાં આવેલ છે. આમ અરજદારને માંગેલી માહિતીની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગતો પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ  કોઈ કાર્યવાહી કરવાની  રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(જે.એમ. પટેલ)
ડે.કમિશ્નર (પીએન્ડડી)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :        –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ